# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## સંચાલિત

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી

### શતાબ્દી વર્ષમાં કરવામાં આવેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

### વર્ષ ૨૦૧૯-૨૦

વૃક્ષા રોપણ કાર્યક્રમ :

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી ખાતે તા.૧૮-૧૦-૨૦૨૦ શતાબ્દી વન તૈયાર કરવામાં આવેલ હતું જે અંતર્ગત કેન્દ્રના પરિસરમાં સો કરમદાના છોડ કેન્દ્રના કર્મચારીઓ દ્વારા રોપવામાં આવ્યા હતા.




ખેડૂત ગોષ્ઠી :




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી દ્વારા ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા ખાતે ખેડૂત ગોષ્ઠીનું તા.૨૨-૧૦-૨૦૧૯ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો પી. કે. શર્મા સાહેબ, શ્રી પ્રતીક દવે - પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા ખેડા ડો. આર પી કાચા - સહસંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, ઠાસરા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અન્ય કર્મચારીઓએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં ખેડૂતોને રાસાયણિક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ અને સજીવ ખેતી વિશે વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી આ કાર્યક્રમમાં ઠાસરા તાલુકાના જુદાં જુદાં ગામોના અંદાજે ૧૬૪ ખેડૂતોએ ભાગ લીધો હતો.

**સજીવ ખેતી જાગૃતતા તાલીમ કાર્યક્રમ :**



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી ખાતે તા.૧૪-૧૦-૨૦૧૯ ના રોજ અરાલ ગામના ખેડૂતોને પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત સજીવ ખેતી ઉપર કેન્દ્રીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમ્યાન ખેડૂતોને વિવિધ પાકોની સજીવ ખેતી પધ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. ખેડૂતોને કેન્દ્ર ખાતે બનાવેલ નાડેપ ખાડા પધ્ધતિ તથા વર્મી કંપોસ્ટીંગની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવેલ હતી. આ તાલીમોમાં ખેડૂતોને રાસાયણિક ખાતરોથી જમીનને થતાં નુકશાનની સમજ આપવામાં આવી હતી અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરીને સજીવ ખેતી તરફ વળવા માટે કેન્દ્રના વડા ડો. પી. કે. શર્મા સાહેબે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગામના અંદાજીત ૭૫ ખેડૂતોએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત આ ગામમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી, ખેડા દ્વારા કઠલાલ ગામના અરાલ ગામમાં નિદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રના વડા ડો. પી. કે. શર્મા દ્વારા અરલ ગામના ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા પ્રયોજિત પરંપરાગત કૃષિ વિકાસ યોજના વિશેની સમાજ આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર દ્વારા પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત નિદર્શન માટે ખેડૂતોની પસંદગી તથા નિદર્શનની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવેલ હતી.

**પશુ સારવાર કેમ્પ :**



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પશુપાલન, વિભાગ, તાલુકા પંચાયત, માતરના સહયોગથી નાંદોલી ગામ ખાતે તા.૨૭-૧૧-૨૦૧૯ એક પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાંદોલી ગામના કુલ ૫૯ પશુપાલકોના ૯૯ પશુઓની ચિકિત્સા કરવામાં આવી હતી. આ સારવાર કેમ્પ અંતર્ગત પશુઓમાં વિવિધ રોગો જેવા કે વંધ્યત્વ, વારંવાર ઉથલા મારવા, ડિવોર્મિંગ અને ચામડીના રોગોનું નિદાન કરીને સારવાર આપવામાં આવેલ હતી.

**સજીવ ખેતી જાગૃતતા તાલીમ કાર્યક્રમ :**




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દિ વર્ષ અંતર્ગત મલિયતાજ મુકામે તા.૧૨/૧૧/૨૦૧૯ના રોજ સજીવ ખેતી જાગૃતતા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કેન્દ્રના વિષય નિષ્ણાંતો દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગ્રામ સ્વરાજ અંતર્ગત એટલે કે ગામના વિકાસ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને કામગીરીથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા આ ઉપરાંત ખેડૂતોને સજીવ ખેતી વિશે વિસ્તૃત જ્ઞાન પીરસવામાં આવેલ હતું.



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી ખાતે તા.૦૫-૧૧-૨૦૧૯ અરાલ ગામના ખેડૂતોને પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત સજીવ ખેતી ઉપર કેન્દ્રીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. પી કે શર્મા સાહેબ દ્વારા ખેડૂતોને સજીવ ખેતીની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ગામના અંદાજીત ૪૭ ખેડૂતોએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી દ્વારા તા.૧૪-૧૧-૨૦૧૯ ના રોજ અરાલ ગામના ખેડૂતોની સજીવ ખેતી અંતર્ગત કેન્દ્રીય તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ અંતર્ગત કેન્દ્ર વડા ડો. પી. કે. શર્મા દ્વારા ખેડૂતોને સજીવ ખેતીના મહત્વ વિશે  માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કેન્દ્રના ડો. કૌશલ પ્રજાપતિએ પશુપાલન વિભાગના અગ્રહરોળ નિદર્શન ઘાસચારા ઓટનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં અરાલ ગામના કુલ ૩૫ ખેડૂતોએ ભાગ લીધેલ હતો.

**પશુ સારવાર કેમ્પ  :**




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પશુપાલન, વિભાગ, તાલુકા પંચાયત, વસોના સહયોગથી મલિયતાજ ગામ ખાતે તા. ૨૨-૧૨-૨૦૧૯ એક પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મલિયતાજ ગામના કુલ ૧૧૪  પશુપાલકોના ૨૦૧ પશુઓની સારવાર કરવામાં આવી હતી. આ સારવાર કેમ્પ  અંતર્ગત પશુઓમાં વિવિધ રોગો જેવા કે વંધ્યત્વ, વારંવાર ઉથલા મારવા, ડિવોર્મિંગ અને ચામડીના રોગોનું નિદાન કરીને સારવાર આપવામાં આવેલ હતી.

**સજીવ ખેતી જાગૃતતા તાલીમ કાર્યક્રમ :**



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલી ધ્વારા ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દિ વર્ષ અંતર્ગત મલિયતાજ મુકામે તા.૨૩/૧૨/૨૦૧૯ના રોજ કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કેન્દ્રના વિષય નિષ્ણાંતો ધ્વારા ગૂજરાત વિદ્યાપીઠ ધ્વારા ગ્રામ સ્વરાજ અંતર્ગત એટલે કે ગામના વિકાસ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને કામગીરીથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા આ ઉપરાંત ખેડૂતોને સજીવ ખેતી વિશે વિસ્તૃત જ્ઞાન પીરસવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં નિયામકશ્રી સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સેવક મિત્રો સહિત અંદાજીત ૮૮ લોકો હાજર રહયા હતા.

**સૌર ઉર્જા જાગૃતતા તાલીમ કાર્યક્રમ :**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી, ખેડા દ્વારા જાળિયા ગામમાં તા. ૨૬-૧૨-૨૦૧૯ ના રોજ સૌર ઉર્જા જાગૃતતા કાર્યક્રમ અંતર્ગત ક્ષેત્રીય તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રના ડો. કે. એ. પ્રજાપતિ દ્વારા ખેડૂતો અને ખેડૂત મહિલાઓને સોલાર ઉર્જાની ઉપયોગિતા અંગે સમજ આપવામાં આવી હતી. ખેતીમાં સોલર પંપનો ઉપયોગ તથા અન્ય સૌર ઉર્જા આધારિત ઉપકરણોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના કુલ ૨૮ ખેડૂતોએ ભાગ લીધેલ હતો.





કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી દ્વારા તા.૨૭-૧૨-૨૦૧૯ના રોજ કઠલાલ તાલુકાના અરાલ ગામના ખેડૂતોને પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત સજીવ ખેતી ઉપર ક્ષેત્રીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. પી કે શર્મા સાહેબ દ્વારા ખેડૂતોને સજીવ ખેતીની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ગામના અંદાજીત ૨૯ ખેડૂતોએ ભાગ લીધો હતો.

**પશુ સારવાર કેમ્પ :**



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પશુપાલન, વિભાગ, તાલુકા પંચાયત, મહેમદાવાદના સહયોગથી જાળિયા ગામ ખાતે તા.૦૩-૦૧-૨૦૨૦ એક પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાળિયા ગામના કુલ ૬૭ પશુપાલકોના ૮૫ પશુઓની સારવાર કરવામાં આવી હતી. આ સારવાર કેમ્પ અંતર્ગત પશુઓમાં વિવિધ રોગો જેવા કે વંધ્યત્વ, વારંવાર ઉથલા મારવા, ડિવોર્મિંગ અને ચામડીના રોગોનું નિદાન કરીને સારવાર આપવામાં આવેલ હતી.

**ટપક સિંચાઇ પધ્ધતિ :**



ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષની ઉજવણી નિમીત્તે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલી (ખેડા) દ્વારા કપડવંજ તાલુકાના કેવડીયા ગામે જળ સંરક્ષણ જાગૃતતા બાબતે કૃષિ પાકોમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિઓ અંગે જાગૃતતા કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ ઓ જેવી કે ટપક સિંચાઇ પધ્ધતિ, ફુવારા પધ્ધતિનું જળ સંરક્ષણમાં મહત્વ, સૂક્ષ્મ પિયત પધ્ધતિઓ દ્વારા ઓછા પાણીએ વધુ પિયત વિસ્તાર કરી જળ-વિજળી, મજુરી ખર્ચ, ખાતરની બચત કરી વધુ કાર્યક્ષમતા દ્વારા ગુણવત્તાસભર વધુ ઉત્પાદન મેળવી શકાય છે તે અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલીના સસ્ય વિજ્ઞાન વિષય નિષ્ણાંતશ્રી એસ.યુ. ઝાલા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નિયામકશ્રી સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સેવક મિત્રો સહિત અંદાજીત ૩૫ ભાઈઓ હાજર રહયા હતા.

**સજીવ ખેતી જાગૃતતા તાલીમ કાર્યક્રમ :**



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દિ વર્ષ અંતર્ગત નાંદોલી મુકામે તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં કેન્દ્રના વિષય નિષ્ણાંતો દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગ્રામ સ્વરાજ અંતર્ગત એટલે કે ગામના વિકાસ માટે કરવામાં આવતી વિવિધ પરવૃત્તિઓ અને કામગીરીથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા આ ઉપરાંત ખેડૂતોને સજીવ ખેતી વિશે વિસ્તૃત જ્ઞાન પીરસવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સેવક મિત્રો સહિત અંદાજીત ૮૮ લોકો હાજર રહયા હતા.

**સ્વાસ્થ્ય જાગૃતતા કાર્યક્રમ :**

નાંદોલી ગામે તા.૧૧-૦૩-૨૦૨૦ ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે એક સ્વાસ્થ્ય જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બહેનોને આરોગ્ય તેમ જ એનિમિયા દૂર કરવા માટેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ પી.એચ.સી. ભલાડાના આરોગ્ય વિભાગ ખાતામાંથી શ્રીમતિ વનિતાબહેને આરોગ્ય અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને કુપોષણ નિવારવા અંગે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ૫૮ સહયોગીઓ હાજર રહ્યા હતા.

